ગાંધીનગર સમાચાર
તા. ૮-૩-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

મહિલા શક્તિનો આદર અને અદબ જાળવીએ

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે દુનિયાની સૌથી જૂની સંસ્કૃતિ અને સૌથી મોટી લોકશાહીની ઓળખ ધરાવતા આપણા દેશમાં રોજના હિસાબે બનતી સામૂહિક બળાત્કારની ઘટનાઓ વિષાદ પ્રેરે તે સ્વાભાવિક છે. એક તરફ આ જ દેશ 'યત્ર નાર્યસ્તુ પૂજયન્તે' જેવી ઉદાત્ત ભાવના સૂચવતી જીવનપ્રણાલીનું સમર્થન કરે છે, શિવની લગોલગ શક્તિની પૂજા કરે છે, બીજી તરફ નિર્ભયા કાંડનું અહર્નિશ પુનરાવર્તન થતું રહે છે. નિર્ભયા કાંડમાં ફાંસીની સજા પામેલ કેદી તિહાડ જેલમાં બેઠાં બેઠાં બીબીસી પર છવાઈ જાય છે. એ ધરાર એવું બેફામ નિવેદન આપે છે જો છોકરીએ ચૂપચાપ સહકાર આપ્યો હોત તો એને મરવું ન પડત! વળી તાળી એક હાથે નથી પડતી એમ કહીને એણે બળાત્કાર જેવી ઘટનાઓમાં સ્ત્રીઓની સંમતિ જ હોવાની વાત કરીને સમસ્ત નારીજાતિનું અપમાન કર્યું છે. સંસદમાં આ મુલાકાત વિશે ઊહાપોહ થયો છે પરંતુ ગૃહમંત્રી રાજનાથથી લઈ દિલ્હીના પોલીસ કમિશનરની ચીમકી છતાં બીબીસીએ આ મુલાકાત પ્રસારિત કરી દઈને ભારતીય સરકારની ફૂર મજાક ઉડાવી છે. આ મુલાકાત આજે- મહિલા દિવસે જ પ્રસારીત થવાની હતી એને બદલે બીબીસીએ બે દિવસ વહેલી પ્રસારિત કરી દઈ એની બેફિકરાઈ અને અવળચંડાઈનો પરચો બતાવી દીધો છે. ભારત પર સેંકડો વર્ષ શાસન કરનાર બ્રિટિશ માનસિકતાનો આ વરવો અને કડવો નમૂનો છે. અંગ્રેજો એમની મહારાણીનું જ માન જાળવે છે, એમને મન ભારતીય નારીની અસ્મત કે અસ્મિતાનું કોઈ મહત્ત્વ નથી. ભારતે આ મુદ્દે જાગ્રત થવાની જરૂર છે. દેખાવ ખાતર તો આ દેશે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન જેવાં ઉચ્ચ પદો પર મહિલાઓને બેસાડેલી છે. પરંતુ એ મહિલાઓના રાજયારોહણથી દેશની 'કૉમન વુમન'ને કેટલો ફાયદો પહોંચ્યો તે પ્રશ્ન જ છે. મહિલા અનામત માટે કોણ જાણે કેટલાં વર્ષોથી ચર્ચા ચાલતી રહી છે. કોંગ્રેસ અને ભાજપ જેવા રાષ્ટ્રીય પક્ષોએ આ મુદ્દો એમના ચૂંટણી ઢંઢેરામાં પણ સામેલ કરેલ છે, પરંતુ સંસદ અને વિધાનસભામાં એ ખરડો એક યા બીજા કારણસર અટવાતો રહ્યો છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલાઓને અનામત મળી છે ખરી, પણ સરપંચ બનેલી મહિલા ઘરમાં વાસણકૂસણ કરતી રહે છે અને એના પતિ પરમેશ્વર કે પિતા પ્રોક્સી વહીવટ ચલાવતા રહે છે. દેશનાં કેટલાંક રાજયોમાં મહિલા મુખ્યમંત્રીઓ પણ કાર્યરત છે. જયલલિતા જયરામ એમને ભ્રષ્ટાચારના કેસમાં થયેલી સજા અન્વયે એમને પૂછીને પાણી પીએ છે. આ એમના પ્રભાવની પ્રતીતિ છે. મમતા બેનરજી ભલભલા ભૂપ સામે બાખડવા તૈયાર રહે છે. ગુજરાતમાં આનંદીબહેન પટેલ અને રાજસ્થાનમાં વસુંધરા રાજેનો કડપ છે. માયાવતી ભલે ગઈ ચૂંટણીમાં સારો દેખાવ ન કરી શકયાં હોય પરંતુ ઉત્તરપ્રદેશમાં એમનું કોઈ પણ સમયે પુનરાગમન થઈ શકે છે. આપણા દેશના ઈતિહાસમાં રઝિયા સુલતાના, ઝાંસીની રાણી અને ઈન્દિરા ગાંધીથી લઈ સુનિતા વિલિયમ્સ સુધીનાં ગરવાં સીમાચિહ્નો છે. કિરણ બેદી રાજકારણમાં ભલે ન ચાલ્યાં હોય પરંતુ ઘણા વિક્રમો એમના નામે બોલે છે. આજે મહિલા દિવસ નિમિત્તે આપણે મહિલા સશક્તીકરણના મુદ્દે ફરી એકવાર નવેસરથી સંકલ્પ બધ્ધ થવાની જરૂર છે.

દેના બેંકે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહિલા સંમેલન યોજયું

ગાંધીનગર, તા.૭

૮મીમાર્ચ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ.

ગાંધીનગર દેના બેંક ઝોનલ ઓફિસ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ભાગરૂપ મહિલા સંમેલનનું આયોજન કરાયું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ હિના પટેલની અધ્યક્ષતામાં અમરાપુરમાં સંમેલન યોજાયું હતું.

ગુજરાત સરકાર હંમેશા મહિલા સશકિતકરણ વિષય પર ભાર મુકતી આવી છે. મહિલાઓ માટે ખુબ જ સારી યોજનાઓ લાવી રહી છે. મહિલા સશકિતકરણ અને વિવિધ ક્ષેત્રે મહિલાઓ હરણફાળ પ્રગતિ કરી રહી છે તેમ આંતરરાષ્ટ્રીય મહિલા સંમેલનની ઉજવણીમાં પ્રમુખ હિના પટેલે જણાવ્યું હતું. તેમણે સંમેલનમાં મહિલાઓ માટેની વિવિધ યોજનાઓની પણ માહિતી આપી હતી. મહિલાઓ વિના સમાજ અને વિકાસ શકય જ નથી તેમ જણાવતા આનંદ વ્યકત કર્યો હતો.

બેંકના જનરલ મેનેજર કે.સી. છીપાએ મહિલાઓ માટેની વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી. બેંક દ્વારા મહિલા ઉત્થાન માટે કરવામાં આવતી કામગીરીની જાણકારી સોંપી જણાવ્યું હતું કે બેંકે ૩૮૨ મહિલા લાભાર્થીઓ માટે રૂ. ૫.૮૨ કરોડની ફાળવણી કરી છે.જેમાંથી ૨૦ લાભાર્થીઓને આજે મંજૂરી પક્ષો આપવામાં આવશે. સંમેલનમાં ઉપસ્થિત મહિલાઓને ડી.આર.ડી.એ.ના જયશ્રી દેવાંગને અભિનંદન આપ્યા હતા.

કલોલ તાલુકાના સોજા સ્થિત શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કુલના ઉપક્રમે વ્યસન મુકિત અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આજનું યુવાધન વ્યસનોના ભરડામાં ભરમાઈ રહ્યું છે તેને મુકત કરવાના શુભાશયથી સદર અભિયાન આરંભાયું છે. સદર અભિયાન અંતર્ગત શાળામાં વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ વ્યસનો-નશીલા પદાથોનું સેવન, તેની ગંભીર અસરો, વ્યાપક-વિઘાતકતા, તેનાથી બચવાના ઉપયો, સમાજ જીવનમાં તેનો પ્રચાર-પ્રસાર વગેરે બાબતોની છણાવટ બાળકો દ્વારા વ્યકત કરવામાં આવી હતી. બાળકો, ગ્રામજનો અને યુવાનોમાં જનજાગૃતિ કેળવાય તે માટે આ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના યોગ-વ્યાયામ શિક્ષક સંજયભાઈ નાયકના સફળ સંચાલન હેઠળ સદર કાર્યક્રમ ખુબ જ સુંદર, સુવ્યવસ્થિત, અનુકરણીય પ્રશંસનીય, અભિપ્રેરક બની રહ્યો હતો.

આજે ગાંધીનગર સાહિત્ય સભાની સભા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સાહિત્ય સભાની સામાન્ય સભા આજ રોજ રવિવાર સાંજે ૫-૦૦ વાગે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે યોજાશે. સભામાં વસંતના વધામણા અને ફાગણ આયો રે... વિષય પર સ્વરચિત કવિતાઓનું પઠન કરવામાં આવશે. સર્વે સભ્યોને પોતાની કવિતાઓ સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખીને પઠન કરવા તેમજ સભામાં ઉપસ્થિત રહેવા સાહિત્યસભાના મંત્રીએ જણાવ્યું છે.

પીએચ.ડી. થયા

કલ્પનાબેન અશ્વિનકુમાર પટેલે 'સ્ત્રી વિમર્શ ઔર પ્રભા ખેતાન કા કથા સાહિત્ય' વિષય પર ઉમા આર્ટસ કોલેજના ડૉ. બિન્દુ ભટ્ટના માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધ સર્વ વિશ્વ વિદ્યાલય કડી ખાતે રજૂ કરતા ડોકટરેટની ડીગ્રી એનાયત કરી છે.

હોમ સાયન્સની વિદ્યાર્થીનીઓએ સાયન્સ સીટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૭

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના હોમસાયન્સ વિભાગની વિદ્યાર્થીનીઓએ વિજ્ઞાન પ્રત્યે રસ રૂચિ કેળવાય તેમજ વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ આવે તે હેતુસર સાયન્સ સીટીમાં તા. ૨૮મી ફેબ્રુઆરીથી તા. ૫મી માર્ચ સુધી સાયન્સ કાર્નિવલ દરમિયાન મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીનીઓએ થ્રીડી ફીલ્મ, સાયન્સ ડોમ, બોટોનિકલ ગાર્ડન વગેરેની મુલાકાત લીધી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. તારાબેન દેસાઈએ કર્યું હતું.

હરિની દૃષ્ટિ...

આ હોળીમાં કાળું મોં કરીને આવી છે... ધોળુ કરવા માટે કેટલા સીટીંગ કરવા પડશે... ?!

દલિત સાહિત્યકારો માટે આજે અમદાવાદમાં રાષ્ટ્રીય સેમિનાર

ગાંધીનગર, તા.૭

ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ દ્વારા પ્રથમ રાષ્ટ્રીય સેમિનાર યોજાશે. દલિત સાહિત્ય અને સમાજ ચિંતન સેમિનાર ડૉ. મહાવીરસિંહ ચૌહાણ પૂર્વ ઉપકુલપતિની અધ્યક્ષતામાં યોજાશે.

ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી દ્વારા વિનયન શાખાના અધ્યાપકગણ, દલિત સાહિત્ય સંશોધકો અને દલિત સાહિત્યકારો માટે આજે રવિવારે સવારે ૧૦-૦૦ વાગે હિરક મહોત્સવ હોલ, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે પ્રથમ રાષ્ટ્રિય સેમિનાર યોજવામાં આવશે. સમારોહમાં બીજ વકતવ્ય, પુસ્તકોનું વિમોચન એવોર્ડ વિતરણ, પેપર વાંચન સહિતના કાર્યક્રમો યોજાશે. જેમાં હરીશ મંગલમ, ડૉ. વિદ્યુત જોષી, ડૉ. પી.ડી. વાઘેલા, ડૉ. રાજન પ્રિયદર્શી, ડૉ. બી.વી. ભોંસલે, પથિક પરમાર સહિતના સાહિત્યકારો અને અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

નારી સશક્તિકરણ પર પ્રવચન

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ તરફથી વિશ્વ મહિલા દિન નિમિત્તે આગામી તા. ૧૦-૩-૧૫ને મંગળવારે બપોરે ૨.૩૦ થી ૫.૦૦ દરમ્યાન વ્યવસાયી મહિલા છાત્રાલયના હોલમાં, સેક્ટર-૧૨ ખાતે પરમ પૂજ્ય પ્રજાપિતા બ્રહ્માકુમારીના કૈલાશદીદી અને જ્યોતિબેન થાનકીનું નારી સશક્તિકરણ પર પ્રવચન રાખવામાં આવેલ છે. જેનો લાભ લેવાનો ગાંધીનગરની તમામ બહેનોને અનુરોધ કરવામાં આવે છે.

આજે ગેસ્ટ્રો એન્ટ્રોલોજી પર મફત નિદાન કેમ્પ યોજાશે

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા ગેસ્ટ્રો એન્ટ્રોલોજીનો મફતનિદાન મેડીકલ કેમ્પ યોજવામાં આવશે. આજ રોજ રવિવાર સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન સેકટર-૨૨ સ્થિત ફીઝીયોથેરાપી સેન્ટર, પંચદેવ મંદિર પાસે યોજાશે. મેડીકલ કેમ્પમાં લીવર, સ્વાદુપિંડ, પિત્તાશય, પેટ, આંતરડા અને પાચનશકિત જેવી તકલીફોનું નિદાન કરવામાં આવશે. કેમ્પમાં અમદાવાદના ડૉ. કૌશલ આનંદ સેવા આપશે.

સુરતની એસ.વી. પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ રાજયપાલશ્રીની મુલાકાતે

નવચેતના ફાઉન્ડશન ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત એસ.વી. પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ આજે ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન રાજયપાલશ્રીએ વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. આ પ્રસંગે શાળાના શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

૮મી માર્ચ : જરૂર છે વધુ સુરક્ષિત સમાજની...!!!

સમાચાર - ૧ - બળાત્કાર સમયે જો નિર્ભયા ચુપ રહી હોત અને કશું બોલી નાં હોત તો રેપ પછી એ જીવતી રહી શકી હોત (મુકેશ સિંહ - દિલ્હીના બહુચર્ચિત નિર્ભય બળાત્કાર કાંડનો ફાંસીની સજા પામેલો એક આરોપી)... સમાચાર - ૨ - નાગાલેન્ડના દીમાંપુરમાં બળાત્કારના એક આરોપીને જેલમાંથી બહાર કાઢીને હજારો લોકોના ટોળાએ મારી-મારીને હત્યા કરી. આ ટોળાની આગેવાની છોકરીઓએ લીધેલી. સમાચાર બંને અલગ અલગ અને બંનેના ભાવાર્થ જુદા જુદા છે, બંનેના અંજામ જુદા જુદા છે અને બંને સમાચાર એકસાથે વાચતા તમને અલગ અલગ લાગણીઓ જન્મી શકે છે પણ એમ નથી લાગતું કે જો સમાચાર નમ્બર એક સવાલ હોય તો સમાચાર નંબર બે એનો જવાબ છે? ખાસ કરીને ટોળાની આગેવાની છોકરીઓએ લીધેલી એ સમાચાર જો સાચા હોય તો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર આનાથી વધુ સારા અને બહાદુરીવાળા સમાચાર બીજા ક્યા હોય શકે? બાય ધ વે શૃષ્ટિ પર પોતાના અસ્તિત્વની, પોતાના હોવાપણાની લડાઈ લડતી દરેક મહિલાને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની હાર્દિક શુભકામનાઓ!!

શુભકામનાઓ લખી તો નાખી ને વાચવાવાળાઓએ વાંચી પણ લીધી પણ આ શુભકામનાઓ સાર્થક થાય કે સમ્પૂર્ણપણે ફિલગુડમાં ફેરવાય એવા દિવસો હજુ ક્યા આવ્યા છે ? જનરલી કોઈ શુભ દિવસ હોય તો નકારાત્મક વાતો લખાય કે કરાય એ પરંપરા નાં હોવી જોઈએ પણ મહિલા દિવસ પર વરવી વાસ્તવિકતા એ છે કે આજના સાંપ્રત સમયમાં જો મહિલાઓ અને મહિલાઓની સ્થિતિ બે ડગલાં આગળ વધતી હોય તો ચાર ડગલાં પાછળ પણ પડે છે. નાં સમજાયું ને ? અસલમાં ૮ મી માર્ચનું મહત્વ છે કે મહિલાઓની સમાજમાં સ્થતિનું આકલન, સમર્થન કે પ્રગતિ વિષે કશુક નક્કોર કે ઠોસ જાણી શકાય કે જણાવી શકાય. પણ નાં ઈચ્છવા છતાં પણ જેટલું ઉત્સાહજનક છે એનાથી વધુ અફસોસજનક સામે આવી જ જાય છે. હિયર આર સમ ફેક્ટ ફીગર્સ...

ગ્વાત્માલામાં દરરોજની લગભગ બે મહિલાની હત્યા થાય છે. ઓસ્ટ્રેલીયા, કેનેડા, ઈઝરાઈલ, સાઉથ આફ્રિકા અને અમેરિકામાં હત્યા થયેલી મહિલાઓમાંથી ૪૦ થી ૭૦% કેસમાં ગુનેગાર મહિલાના અંગત જ નીકળે છે. વિશ્વભરમાં થતા જાતીય સતામણીના કેસોમાં લગભગ ૫૦% છેડતી થનાર મહિલાની ઉમર ૧૬ વર્ષથી ઓછી હોય છે. લગભગ ૬ કરોડ બાળકીઓને પુખ્ત થયા પહેલા જ પરણાવી દેવાય છે ને આમાં ૩ કરોડ જેવો હિસ્સો એકલા સાઉથ એશિયનો છે. આટલી નાની ઉમરે થતા વિવાહને લીધે સ્વાભાવિકપણે પતિ કે સાસરીયા દ્વારા કરતી હિંસાનો ગ્રાફ પણ ઉંચો જ છે. એકલા એશિયામાં જ લગભગ ૪૦% મહિલાઓ કામના સ્થળે જાતીય સતામણી કે હિંસાનો ભોગ બને છે. એકલા અમેરિકામાં જ ૮૩% જેવી બાળકીઓ સ્કુલમાં જ જાતીય સતામણીનો ભોગ બને છે.

ઉપરના આંકડા તો યુનાઈટેડ નેશન્સના એક રીપોર્ટમાંથી લીધેલા છે અને જો એમાં ભારતનું નામ વાચવા ના મળ્યું હોય તો હરખાવાની જરૂર નથી કેમકે કાગડા ફક્ત આપણે ત્યાં જ નહિ પણ વિશ્વભરમાં કાળા જ છે એ બતાવવા માટે જ આ સેમ્પલ ફીગર્સ લખેલા છે. બની શકે કે આ આંકાડાઓ થોડા જુના હોય પણ તો એ નાં ભૂલશો કે લેટેસ્ટ આંકડાઓ તો આનાથી પણ વધુ ભયાનક અને શરમજનક જ રહેવાના. વાત રહી આપણી યાની કઈ વિ ધ ઈન્ડિયન્સની તો નિર્ભયાથી લઈને મહિલાઓ પર વધતા જતા એસીડ એટેક સુધીના બનાવોની શાહી અખબારોના પાનાં ઉપર ક્યારેય સુકાઈ નથી. નારી તુમ્હે નમન કહેનારાઓ દ્વારા જ નારીના અપમાનો, શીલભંગો અને અસમાનતા ના કિસ્સાઓ બહાર આવ્યા જ કરે છે. મહિલા દિવસ પર એ વાત વધુ ચચરવી જોઈએ કે હેપ્પી વિમેન્સ ડે કહેવા કરતા મહિલાઓની સ્થતિ વધુને વધુ બહેતર બને, સમાજ એને પણ સમાનતા ની દ્રષ્ટીએ જુએ અને ખાસ તો જાતીય હિંસા ના બનાવો અટકે અને મહિલા પોતાને સુરક્ષિત મહેસુસ કરે એ વધુ જરૂરી છે.

દર વર્ષે ૮ મી માર્ચે મહિલા દિવસ ઉજવાય છે અને ઉજવણી પાછળનો મૂળ હેતુ છે મહિલાઓને સમાજમાં સમાનતા આપવાનો અને એમના યોગદાનની કદર કરવાનો. એમાં કોઈ શક નથી કે આજના બદલાતા વિશ્વમાં મહિલાઓ પણ પુરુષ સમોવડી બનતી જાય છે, અરે ઘણા બધા ક્ષેત્રોમાં તો એ પુરુષથી પણ આગળ છે જ. પુરુષો સાથે ખભેખભા મિલાવીને આજની નારી ચાલતી, દોડતી કે આગળ નીકળતી જોવા મળે જ છે. પણ આજે ૨૧મિ સદીમાં જયારે એક તરફ વારેવારે મહિલા સશક્તિકરણની વાતો ચાલી રહી છે ત્યારે ત્યારે એની સાથો સાથ મહિલાઓ પરના અત્યાચારોમાં પણ વધારો જોવા મળે છે. એક બાજુ સહકાર ને બીજી બાજુ અસહકાર કે પછી અત્યાચાર? મહિલાઓની મૂળભૂત સમસ્યાઓ ઘટવાને બદલે વધતી દેખાઈ રહી છે. આઝાદીના આટલા વર્ષો પછી પણ મહિલાઓ પર થતી ઘરેલું હિંસાના બનાવો ઘટવાને બદલે વધતા જાય છે. મહિલા સશક્તિકરણની વાત કરવાની સાથે સાથે પુરુષપ્રધાન સમાજ કદાચ એ સહન નથી કરી શકતો કે ઘરની મહિલા આગળ આવે. માનસિકતા માં બદલાવ ક્યા? હજુ તો બહુ નથી દેખાતો..!!



રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

નિર્ભયાના કેસને લગભગ બે વર્ષ ઉપર થયું અને અફસોસજનક એ છે કે નિર્ભયા વખતે એકીઅવાજે ઉભા રહેલા વિ ધ પીપલનાં નામે ચડતા અત્યાચારોના આંકડામાં કોઈ ફેરફાર નથી થયો. મહિલા પર ગુજારતા અત્યાચારોમાં સૌથી મોખરે છે બલાત્કાર અથવા રેપ. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના એક અહેવાલ મુજબ ૨૦૧૦ પછીથી મહિલાઓ પર થયેલા બળાત્કારો કે હિંસાની ઘટનાઓમાં લગભગ ૭ નો વધારો નોંધાયો છે અને એ નાં ભૂલશો કે આ આંકડા તો ફક્ત ઓફિસીયલી નોંધાયેલી ફરિયાદો પરથી છે. નોંધાયા વગરની ઘટનાઓ ઉમેરો તો આકડો ક્યાય જઈ પહોચે. ભારતમાં દર વીસ મીનીટે એક મહિલા પર બળાત્કાર થાય છે અને દર ત્રણમાંથી એકની ઉમર ૧૮થી ઓછી અને દર ૧૦ કેસમાંથી એકની ઉમર ૧૪ વર્ષથી ઓછી હોય છે. ભારત એ દુનિયાનું રેપ કેપિટલ બની ગયું છે જો કે હરખાવા જેવી વાત તો નથી છતાં પણ એ જાણી લો કે વિશ્વમાં સૌથી વધુ બળાત્કારની ઘટના ભારતમાં નહિ પણ અમેરિકામાં થાય છે. આમાં હસવું કે રડવું એ નક્કી કરી નાં શકતા લોકો માટે એટલું જ કહેવાનું કે ભારત નારીને પુજનારો દેશ છે, સંસ્કૃતિ અને સભ્યતા બંને રીતે આપણે નારીને અવ્વલ દરજ્જો આપેલો છે. આપણે નારી ને શક્તિ તરીકે પૂજીએ છીએ એઝ વેલ એઝ એ જ રીતે નારીને ઓળખતા અને સ્વીકારતા થયેલી અતિ પ્રાચીન સભ્યતાના વસજો છીએ પણ અફસોસ એ છે કે આંકડા આનાથી વિપરીત કહી રહ્યા છે. સવાલ ખાલી આકડાઓ પર અટકી જતો હોત તો ઠીક હતું પણ નાં સવાલ આંકડાથી આગળ આપણી માનસિકતા પર અટકેલો છે અને જવાબ શોધવાની પ્રક્રિયા ચાલુ છે પણ ધીમી ગતિએ, ધીમા સ્વરે અને ધીમા પ્રયત્નોએ!! અને આ પ્રયત્નો કરનાર પણ મોટાભાગની મહિલાઓ જ છે...!!!

યસ, સમાનતા પામવાની તીવ્ર ઈચ્છાને લીધે પારિવારિક બંધનોમાંથી બહાર નીકળીને પ્રગતી કરતી મહિલાઓની સંખ્યા વધી રહી છે. લગભગ દરેક ક્ષેત્રમાં અનેક અડચણો છતાં પણ મક્કમ નિર્ધારથી આગેકુચ કરતી મહિલાઓ બીજી મહિલાઓ માટે મિશાલ બની રહી છે પણ દેખાય છે એ બધું જ સોનું નથી. હજુપણ પારિવારિક હિંસાના બનાવો એ વાતનો સંકેત છે કે પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રી દ્વારા કરાતી બધી જ પ્રકારની મદદ છતાં પણ એમના દરજ્જામાં બહુ ખાસ કાઈ બદલાવ નથી જ આવ્યો. નો ડાઉટ પારિવારિક બંધનો અને વ્યવસ્થાઓની ઝંઝીરોમાંથી ઘણી બધી મહિલાઓ પોતાને આઝાદ કરીને આગળ પગલા માંડી રહી છે પણ હજુ પણ જયાં ભારતનો બહુધા વર્ગ વસે છે એ ગ્રામીણ ક્ષેત્રોમાં મહિલાની સ્થતિ દયનીય જ છે. સમાનતા તો દૂરની વાત રહી પણ એના સ્ત્રી હોવાના હક્કની પણ છેડચોક અવ્લેહના અને ઉલ્લંઘન થતી ઘટનાઓ બહાર આવ્યે જ જાય છે. નિર્દયતાથી મારઝૂડ થી લઈને હત્યા સુધીના બનાવો માં સ્ત્રી સમાનતાની વાતો ક્યાય દબાઈ જાય છે અને બીલીવ મી આપણે એમાં ઘણા આગળ છીએ, ખુબ જ આગળ.

સ્ત્રી શક્તિ છે, દુર્ગા છે, સબળા છે, અબળા છે, પ્રેરણા મૂર્તિ છે, રહસ્ય છે, દયાળુ છે, માયાળુ છે, સહનશીલ છે, લાગણીશીલ છે, ડાકણ છે, નરકની ખાણ છે, સીતા છે, કુબ્જા છે... વગેરે વગેરે. આપણે સ્ત્રી શું છે એના ઘણા ચોકઠાઓ બનાવીને એને એમાં કેદ કરી છે પણ સ્ત્રી એઝ એ સ્ત્રી પણ છે એવી ઓળખ નથી આપી શક્યા એ હકીકત છે. સ્ત્રી આ કરી શકે? અથવા તો આ તો નાં જ કરી શકે એવા જડસુ ખ્યાલોમાંથી બહાર નથી નીકળી શકતા અને આપણા આવા જડસુ ખ્યાલોને જે જે સ્ત્રી એ તોડ્યા છે એ બધી જ હેપ્પી મહિલા દિવસ કહેવાને હક્કદાર છે. રાજકારણ, નોકરી, મોટામોટા ઉદ્યોગગૃહોનું સફળ સંચાલન, મનોરંજન જેવા અનેક ક્ષેત્રે સ્ત્રીઓની સંખ્યા અને એમની સફળતાના કિસ્સાઓ વધી રહ્યા છે પણ એ તો ફક્ત દબાયેલા વર્ગમાંથી બહાર નીકળેલ એક નાનો હિસ્સો જ છે. હજુ પણ જો દિલ્હી જેવા શહેરોમાં મહિલાઓ સલામત નાં હોય તો પછી ગામડાઓની તો વાત જ ક્યા કરવી ?

આજના બદલાતા સમયમાં વાત સમાનતાની ઓછી અને સુરક્ષાની વધુ થવી જોઈએ. અસમાનતાના વાડામાંથી તો ઘણીબધી મહિલાઓ નીકળી ચુકી છે અને સમાજ પણ કદાચ એ બાબતમાં એટલો જડ નથી રહ્યો પણ પ્રગતિ, સમાનતા અને પુરુષ સમોવડી બનવાની એક આડ અસર સમાજમાં એ વિકસી રહી છે કે મહિલાઓ સુરક્ષિત નથી રહી. કદાચ આજના વિશ્વ મહિલા દિવસે સમાનતા કે સહકાર કરતા પણ વધુ ચર્ચા થવી જોઈએ મહિલાઓની સુરક્ષાની. નાની બાળકીથી લઈને આધેડ મહિલા સુધીનું કોઈ એક યા બીજા પ્રકારે અસુરક્ષિત છે કે અનુભવી રહ્યું છે. બળાત્કારો, યોન હિંસા કે એસીડ એટેક જેવા બનાવો ખુલ્લેઆમ અને વારંવાર બની રહ્યા છે અને આ એકલા ભારતમાં જ નહિ પણ સમગ્ર વિશ્વમાં ચર્ચાતો ચીચિત પ્રશ્ન છે. જાણે કે સ્ત્રીની મહત્વાકાંક્ષાનું સમાજમાં કોઈ સ્થાન નથી. આગળ લખ્યા એ આકડાઓમાં જોશો તો ખ્યાલ આવશે કે કોઈ સ્થાન કે સ્થળ એવું નથી જયાં મહિલા સુરક્ષિત હોય, ઓફીસ, સ્કુલ કે પછી ઈવન એનું પોતાનું ઘર પણ. ચિંતાનો એલાર્મ અહી રણકે છે!!

મહિલા દિવસ પર સફળ મહિલાઓ પોતાની યશગાથા રજુ કરે ને એમાંથી બીજી મહિલાઓ પ્રેરણા લે એ આવકારદાયક છે પણ જયાં સુધી સમાજમાં સ્ત્રી સુરક્ષાની લાગણી નહિ અનુભવે ત્યાં સુધી એનો સર્વાંગ અને સમુચો વિકાસ કેવી રીતે સંભવી શકશે? જો સ્ત્રીને પણ એક જણસ - મિલકત - અબળા તરીકે જોવવાનું શરુ જ રહેશે તો એની એક ઈન્સાન તરીકેની મહત્વાકાંક્ષા ને ક્યાંથી કોઈ સ્વીકારી શકશે? અને એના પરિણામે આવા જઘન્ય અને અમાનવીય કૃત્યો બનતા જ રહેશે એ ચોક્કસ છે. જયાં સુધી સ્ત્રીની યોગ્યતાની કદર નહિ થાય, ક્ષમતાની અવહેલના નહિ થાય ત્યાં સુધી મહિલા દિવસની ગમે એટલી ઉજવણી કરો પણ એ નિરર્થક જ છે. સાચી ઉજવણી એ જ હોય શકે કે મહિલાઓ પોતાના પર થતા અત્યાચાર વિષે ખુલીને બોલી શકે પછી ચાહે એ ધંધાકીય હોય કે પારિવારિક, પણ એનો અવાજ દબાવાય નહિ, અટકાવાય નહિ અને નિર્ભયા જેવા કેસોમાં વધુ ને વધુ સમાજ આવી પહેલને આવકારે, ટેકો આપે, બળ પૂરું પાડે તો શક્ય છે કે આવનારા સમયમાં સ્ત્રી સમાનતાની સાથે સાથે સુરક્ષિત પણ મહેસુસ કરે અને એના પરિણામે મોટાભાગના સમાજો અને ખાસ કરીને આપણો ભારતીય સમાજ કે જે સ્ત્રીની આજુબાજુ ટકેલો અને સચવાયેલો છે એ વધુ પ્રગતશીલિ અને ખુશહાલ બને..!!!